ગાંધીનગર સમાચાર

જરૂરિયાતમંદોના ચહેરા પર તૃપ્તિનું સ્મિત લાવતું 'ફુડ ફોર એવરીવન'

# ચ માર્ગ પર કારની અડફેટે ૧૮ વર્ષીય યુવાનનું મોત

## કારની જબરદસ્ત ટકકરથી એકટીવાનું એન્જીન પણ તુટીને છૂટુ પડી ગયું : હેલ્મેટના ફુરચા : વિધાનસભા ગેટ નં. ૬ સામે સવારે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૨૩

શહેરના ચ માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલી સેવરોલેટ બીટ ગાડીની વિધાનસભા ગેટ નં. ૬ સામે એક એકટીવાને જબરદસ્ત ટકકર લાગતા એકટીવા ચાલક ૧૮ વર્ષીય યુવાનનું ઘટના સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ અકસ્માતમાં એકટીવાનું એન્જીન પણ તુટીને છુટું પડી ગયું હતું અને એકટીવા ચાલકના હેલ્મેટના પણ ફુરચા થઈ જવા પામ્યા હતા. સે-૭ પોલીસે કાર ચાલક મહિલા સામે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

દોલારાણા વાસણા ગામમાં રહેતો ૧૮ વર્ષીય યુવાન પોતાનું એકટીવા લઈને સચિવાલય ખાતે કોઈને ડ્રોપ કરવા આવ્યો હતો ત્યાંથી એકટીવા લઈને પરત ફરી રહ્યો હતો અને વિધાનસભા ગેટ નં. ૬ની સામેના વળાંકથી યુ ટર્ન લીધો ત્યારે સડસડાટ આવતી બીટ ગાડી નં. જીજે ૧ કેપી ૩૪૫૨ની એકટીવાને જબરદસ્ત ટકકર વાગી હતી. આ અકસ્માતમાં એકટીવા સાથે યુવાન ફંગોળાઈને પટકાયો હતો. એકટીવાના ફુરચા થઈ ગયા હતા અને દોલારાણા વાસણાના યુવાન પ્રિતેશ મીતુલભાઈ મોદીએ પહેરેલા હેલ્મેટના પણ ટુકડા થઈ ગયા હતા. ગાડીનો આગળનો કાચ પણ ફુટી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એકટિવા ચાલકનું માથુ ફુટી ગયું હતું અને ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું તો બીજી તરફ ગાડી મુકીને મહિલા ચાલક ગાયબ થઈ ગઈ હતી. આ મામલે સે-૭ પોલીસે ગુનો નોંધી આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.



## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર, એસએમવીએસ, સે-૬ ખાતે પવિત્ર શ્રાવણમાસ કથા દરરોજ રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમિયાન તા. ૨૬-૮-૨૦૧૬ સુધી યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સે-૨૩ ખાતે રાતના ૯ થી ૧૦ કલાક દરમિયાન શ્રી પરેશભાઈ દવેના નિવાસસ્થાન ઈશાન ફલેટ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી શિવકથા તથા શ્રી દ્વાદશ જયોતિર્લિંગ મહિમાનું પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં આયોજન.

● વાવોલ મંડળ દ્વારા બપોરના ૧ થી ૩ કલાક દરમિયાન સિધ્ધનાથ મહાદેવ, રેલવે ફાટકની પાસે વાવોલ ખાતે આનંદનો ગરબો યોજાશે.

## અંબાજી ખાતે અખંડ ધૂનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જય ગજાનંદ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૭ ઓગષ્ટને શનિવારના રોજ મોટા અંબાજી મંદિર ખાતે અખંડ ધૂનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરથી ધૂનમાં જવા લકઝરી બસ મુકવામાં આવી છે. રહેવા-જમવાની સગવડ વિના મુલ્યે ચામુંડા અતિથિ ગૃહ અંબાજી ખાતે કરવામાં આવી છે. જે વ્યકિતને ધૂનમાં આવવું હોય તેઓએ 'નર્મદે' પ્લોટ નં. ૮૦૮/૧, સે-૨-સી સરનામે રૂબરૂ અથવા જયંતિભાઈ સુથારના મો.નં. ૯૬૮૭૬૩૦૩૪૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગોકુળપુરામાં એલસીબીએ દરોડો પાડી આઠ શકુનીઓ પકડયા : રૂ. ૫૬૪૦ના મુદ્દામાલ સાથે આઠેયની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરનો અડીનેઆવેલા ગોકુળપુરા વિસ્તારના છાપરામાં ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે ગઈ સાંજે દરોડો પાડયો હતો. છાપરામાં જુગાર રમી રહેલા આઠ શખ્સોને પકડવામાં આવ્યા હતા. ગોકુળપુરા છાપરામાં રહેતા શૈલેષ રણછોડ રાવળ, રઝાક ઉર્ફે લાલા કાળુ, અશોક કેલા રાવળ, અનિલ ઉર્ફે ટીનુ ગંગારામ નાયી, ભરત ગોવા રાવળ, ગોવિંદ રાજુ રાવળ, રાજુ બાબુ રબારી અને ઈમરાનશા ઉર્ફે લાલો હુશેનશા ફકીર મળીને આઠ શકુનીઓની રૂ.૫૬૪૦ની રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ત્રિદલ સંસ્થા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર અભિવાદન

ગાંધીનગર, તા. ૨૩

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૬માં લેવાયેલ ધો-૧૦ તથા ધો-૧૨ની જાહેર પરીક્ષાઓમાં ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ગાંધીનગર જિલ્લાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓનો તથા ગુજરાતી વિષય શિક્ષકનો તેમજ જે તે શાળાનો તા. ૨૭ ઓગષ્ટને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કોલેજ કંપાઉન્ડ, કડી સાર્વજનિક કેળવણી મંડળ, સે-૨૩ ખાતે જાહેર અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ ગાંધીનગરના નિયામક ડૉ. ટી.એચ. જોષી, કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરના ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ. પ્રો. વિણાબેન પટેલ તથા ગાંધીનગર જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. નગરના સર્વે શિક્ષણપ્રેમી નગરજનો તથા વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા ત્રિદલ સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## સે-૨માં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે

### સે-૨-એ ખાતે આયોજિત ગણેશોત્સવમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન : તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવવા વિવિધ ગણેશ ઉત્સવ આયોજક સમિતિઓ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે. ગાંધીનગરના સે-૨માં રીંગ રોડ પર ગણેશ ચોક ખાતે પ્રતિવર્ષ ભારે ઉલ્લાસથી ગણેશ ઉત્સવ ઉજવાય છે.

આ વર્ષે પણ આયોજિત આ ગણેશોત્સવમાં સામાજિક કોમેડી નાટકો, હાસ્યનો ત્રિવેણી સંગમ, જાદુનો પ્રોગ્રામ, લોકડાયરો, ડાન્સ તથા રાસ ગરબા ઉપરાંત ભજનોનો કાર્યક્રમ વગેરે યોજાશે. આ સાથે તેજસ્વી તારલાનું સન્માન પણ કરવામાં આવશે.

સે-૨-એ ખાતે આયોજિત ગણેશોત્સવના પ્રારંભ એશ્વમેઘ વાળા બાબુભાઈ પટેલના નિવાસસ્થાનેથી તા. ૫મી સપ્ટેમ્બરે સવારે ૧૧ કલાકે શોભાયાત્રા નીકળશે. આ ગણેશોત્સવમાં દરરોજ સવારે ૮ કલાકે અને રાત્રે ૮.૩૦ કલાકે આરતી યોજાશે તથા રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તા. ૫મી સપ્ટેમ્બર સોમવારે કૃષ્ણ મહિલા મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે કોમેડી નાટકોનું મંચન તથા ગાંધીનગરના કલાકારો દ્વારા દિકરી તુલસીનો કયારો અને જીવન અમૂલ્ય છે નાટકો યોજાશે. તા. ૭મી સપ્ટેમ્બરે જાદુગર નિલેશકુમારનો શૉ, તા. ૮મી સપ્ટેમ્બરે બાળકો માટે ડાન્સ પ્રોગ્રામ, તા. ૯મી સપ્ટેમ્બરે નટુભાઈ પટેલ, ભાઈલાલ દશાડીયા અને હેમા પટેલનો લાકડાયરો, તા. ૧૦મી સપ્ટેમ્બરે જય છનીયારા, હરપાલસિંહ ઝાલા અને દેવેશ દરજીનો હાસ્ય દરબાર તથા તા. ૧૧મી સપ્ટેમ્બરે સેવન સ્ટાર મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા સંગ રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે. સે-૨ વસાહતીના બોર્ડમાં ૯૦ પર્સન્ટાઈલથી ઉત્તીર્ણ થયા હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને તા. ૧૧મી સપ્ટેમ્બર રવિવારે શીલ્ડ આપી સન્માનવામાં આવશે. તા. ૧૨મી સપ્ટેમ્બર સોમવારે સવારે ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં યોજાયેલ કોંગ્રેસની જન આક્રોશ રેલીના પગલે ઘ રોડ અને ચ રોડનો કેટલોક ભાગ બંધ કરાયો હતો. મુખ્ય માર્ગ બંધ થવાને કારણે નગરના અનેકવાહન ચાલકો તથા રેલીના કાર્યક્રમથી અજાણ અમદાવાદ કે અન્ય સ્થળેથી શહેરમાં વિવિધ કામ અર્થે આવેલા વાહનચાલકો અને મુસાફરો અટવાયા હતા.

● શહેરની શાળાઓમાં તહેવારની રજાઓના મિની વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. સે-૨૨માં પંચદેવ મંદિરે જન્માષ્ટમીના મેળાની તૈયારીઓનો પણ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

● શહેરના બાકી રહી ગયેલા સર્કલો પર પણ સીસીટીવી કેમેરા લગાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. સીસીટીવી કેમેરાના કારણે વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા થઈ જવા પામ્યા છે.

● સાંજના સુમારે સે-૭માંથી સે-૨માં જવાના માર્ગ નં. ૨ પરના ક્રોસીંગે એક કારચાલક ગાયને ટકકર મારી ભાગી છુટયો હતો. ટકકરથી પાછળના બંને પગે ઈજાગ્રસ્ત ગાયને એકઠા થઈ ગયેલા નગરજનો દ્વારા સારવારની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

● કોંગ્રેસની જન આક્રોશ રેલીમાં એક મહિલા પી.એસ.આઈ.એ એક મહિલા કોન્સ્ટેબલને અમુક જગ્યાએ ઉભા રહેવા આદેશ આપતા મહિલા કોન્સ્ટેબલ ગિન્નાઈ હતી. અંતે આ મહિલા કોન્સ્ટેબલ તે સ્થળે ના જતા આદેશ આપનાર મહિલા પીએસઆઈ જાતે તે સ્થળે જઈને ઉભા રહ્યા હતાં.

## સફળતા માટે ટાઈમ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ અગત્યના પરિબળો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સે-૭ની પી.કે. ચૌધરી મહિલા કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓને અભ્યાસ તથા જીવનના દરેક તબક્કે ઉપયોગી નિવડે તેવા 'ટાઈમ મેનેજમેન્ટ તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ' વિષયે વોકેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ અને પ્લેસમેન્ટ સેલ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાંત પ્રાધ્યાપક ઉર્વિ અમીન દ્વારા વિદ્યાર્થીઓને 'ટાઈમ મેનેજમેન્ટ'માં અવરોધરૂપ પરીબળો અને તેની ઉપયોગિતા અંગે સમજ આપી હતી.

પ્રો. ઉર્વિ અમીને ટાઈમ મેનેજમેન્ટ અંગે વિદ્યાર્થીઓને 'ફોર-ડી' ફોર્મ્યુલાનું મહત્વ સમજાવ્યું હતું. આ ઉપરાંત સ્ટ્રેસના લીધે સર્જાતી શારીરિક તથા માનસિક અસરો અને તેના કારણે જાહેર જીવનમાં થતી વર્તણૂકના ભયસ્થાનો વિશે વિસતૃત સમજ આપી હતી. તેમણે સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે યોગ, સંગીત, પ્રાણાયામ અને સ્વયં સાથે વાત કરવાને મહત્વનું ગણાવ્યું હતું. સંસ્થાના વોકેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ અને પ્લેસમેન્ટ સેલના ઈન્ચાર્જ પ્રા. દિશા પોપટે હાલના યુગમાં સોશિયલ મિડિયામાં અટવાયેલા યુવાનો માટે નિશ્ચિત લક્ષ્યાંકે સમયસર પહોંચવા ટાઈમ મેનેજમેન્ટ અને સ્ટ્રેસ મેનેજમેન્ટને અગત્યના પરિબળ ગણાવ્યા હતા.



## જન્માષ્ટમી નિમિત્તે સે-૧ ગાયત્રી મંદિર ખાતે ગરબાનું આયોજન

### પૂજન ડાન્સ એકેડમી તેમજ સરકારી શાળાના બાળકો દ્વારા ગરબા, નાટક અને નૃત્યનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે જન્માષ્ટમી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકો દ્વારા જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૮ કલાકથી ગરબા, નાટક સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ગાયત્રી મંદિર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શહેરના સૌ ભાવિ ભકતોને મોટી સંખ્યામાં લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પૂજન ડાન્સ એકેડમી, લાયોનેસ કલબ અને ગાયત્રી પરિવારના સંયુકત ઉપક્રમે જન્માષ્ટમી પર્વની સુંદર રીતે ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. સે-૧ ગાયત્રી મંદિર પરિસરમાં રાત્રે ૮.૩૦ કલાકથી પૂજન ડાન્સ એકેડમીના સંચાલક પ્રજ્ઞાબેન ગજજરની ટીમ તેમજ સરકારી શાળાના બાળકો દ્વારા પ્રાર્થના, રાધા કૃષ્ણને લગતી નૃત્ય નાટિકા, નાટક, ગરબા તેમજ મટકીફોડના કાર્યક્રમનું આયોજન શકિતપીઠ દ્વારા કરવામાં આવ્યું છે. જન્માષ્ટમીના પવિત્ર પ્રસંગે નગરના સૌ ભાવિ ભકતોને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સે-૩-ન્યુ શિવશકિત મંદિરમાં જન્માષ્ટમીની વિશિષ્ટ ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

જય અંબે યુવક મંડળ તથા શિવ શકિત પરિવાર દ્વારા સે-૩-ન્યુ શિવશકિત મંદિર પાસે તા. ૨૫ ઓગષ્ટના રોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રાસ-ગરબા તેમજ મટકી ફોડનો કાર્યક્રમ યોજાશે.

જય અંબે યુવક મંડળ તેમજ શિવ શકિત પરીવાર દ્વારા દર વર્ષે કૃષ્ણ જન્મોત્સવની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવે છે. આગામી જન્માષ્ટમી પર્વ દરમિયાન પણ સંસ્થા દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિવ શકિત મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય રાસ ગરબા રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ-હિંડોળા દર્શન આ ઉપરાંત રાત્રિના ૧૨.૩૦ કલાકે બાળકો માટે સ્ટેજ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના ૧.૦૦ કલાકે મટકી ફોડ અને આતશબાજીનો કાર્યક્રમ પણ યોજાશે.

## જય અંબે પરિવાર દ્વારા ૨૮મી અંબાજી પદયાત્રાનું આયોજન

### તા. ૭મી સપ્ટેમ્બરે સવારે સે-૧૩ જય અંબે ચોક ખાતેથી પદયાત્રાનું પ્રસ્થાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સે-૧૩ના જય અંબે પરિવાર દ્વારા ૨૮મી અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો તા. ૭મી સપ્ટેમ્બરે પ્રારંભ થશે અને તા. ૧૩મી સપ્ટેમ્બરે સમાપન થશે.

ભાદરવી પૂનમે દર વર્ષે ગુજરાતના વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે વિશ્વનો સૌથી મોટો પદયાત્રી મેળો ભરાય છે. આ પદયાત્રી મેળામાં સામેલ થવા ગાંધીનગરમાં સે-૧૩ બીમાંથી દર વર્ષે પદયાત્રી સંઘ યોજવામાં આવે છે. આ વર્ષે સતત ૮મી અંબાજી પદયાત્રા યોજવામાં આવી છે. જેનો તા. ૭મી સપ્ટેમ્બરે સવારે ૧૦.૧૫ કલાકે પ્રારંભ થશે. સંઘના પ્રસ્થાન પૂર્વે સવારે ૭.૩૦ કલાકે મનોરમ્ય રથમાં બિરાજમાન મા જગદંબાનું પૂજન કરાશે તેમજ ૮ કલાકે માતાજીની ધજાનું પૂજન કરાશે. સંસ્થાના આમંત્રિત મહેમાનો તેમજ દાતાઓના હસ્તે ૯.૩૦ કલાકે થાળ તથા મહાઆરતી યોજાશે અને ૧૦ કલાકે દર્શન પ્રસાદ તથા આર્શીવાદ રક્ષાસૂત્ર અર્પણ કરાશે. સવારે ૧૦.૧૫ કલાકે ગરબા ધૂન બાદ 'બોલ માડી અંબે, જય જય અંબે'ના બુલંદ જયઘોષ સાથે શ્રીફળના અમી છાંટણા સાથે સંઘનું પ્રસ્થાન કરાશે. આ પદયાત્રા વાસન મહાદેવ, ગોઝારિયા, વિસનગર, ડભોડા, દાતા થઈ તા. ૧૨મી સપ્ટેમ્બરે અંબાજી પહોંચશે તેમજ તા. ૧૩મી સપ્ટેમ્બરે સવારે મા જગદંબાના મંદિરે ધજા અર્પણ કરાશે. આ દિવસે પદયાત્રીઓ બપોરે ઉજાણી કરી પરત ફરશે.

## પાર્શ્વનાથ પ્રભુનો ભવ્ય સ્નાત્ર મોહત્સવ

ગાંધીનગર, તા. ૨૩

પ.પૂ. આચાર્ય ભગવાનશ્રી નરરત્નસૂરીશ્વરી મ.સાહેબ તેમજ બાળકોના લાડીલા પૂજય ગુરુદેવ કૃપારત્ન વિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં સેકટર-૨૨, શ્રી જૈન દેરાસર ખાતે આગામી તા. ૨૫ ઓગષ્ટના રોજ સવારે ૯.૦૦ કલાકે પાર્શ્વનાથ પ્રભુનો ભવ્ય સ્નાત્ર મોહત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગરના ભાવિક ભકતોને મોટી સંખ્યામાં ભાગ લેવા દિપક શાહ દ્વારા જણાવાયું છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૬ ઓગષ્ટને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સે-૧૨, આંબેડકર હોલ ખાતે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ ૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે સાયન્સ ડ્રામા સ્પર્ધાની થીમ વિજ્ઞાન અને સમાજ અન્વયે સ્વચ્છ ભારત : આરોગ્યપ્રદ ભારત, ખાદ્ય સુરક્ષા અને પોષણ, ડીઝીટલ ભારત : સશકત ભારત, ભારતમાં નિર્મિત બનાવટો, હરિત ઉર્જા અને વૈજ્ઞાનિકોનું જીવન અને કાર્યો સહિતના વિષયે જિલ્લાની જુદી જુદી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ નાટક રજુ કરીને વૈજ્ઞાનિક જાગૃતતાનો સંદેશો આપશે. આ સ્પર્ધામાં નાટક રજૂ કરવાનો સમય ગાળો વધુમાં વધુ ૩૦ મિનિટનો રહેશે. આ નાટકમાં આઠ પાત્રોનો સમાવેશ કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા નાટકો રાજયકક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. જિલ્લા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

## જરૂરિયાતમંદોના ચહેરા પર તૃપ્તિનું સ્મિત લાવતુ 'ફુડ ફોર એવરીવન'

### ગાંધીનગરના ફુડ ફોર એવરીવન ફાઉન્ડેશનના યુવાનો રેસ્ટોરન્ટ, મેસ-કેન્ટિન કે પ્રસંગોમાં વધેલા ભોજનને ઝુંપડપટ્ટીના શ્રમજીવીઓ સુધી પહોંચાડે છે : ભોજન પીરસતા પહેલા જાતે ચાખીને ચેક કરે છે

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના યુવાનો દ્વારા 'ફુડ ફોર એવરીવન' ફાઉન્ડેશન અંતર્ગત અનોખુ સેવા કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સંસ્થાના સ્વયંસેવકો શહેરની હોટલો, મેસ, કેન્ટિનો વગેરે ઉપરાંત સામાજિક પ્રસંગો, મેળા-મેળાવડાઓ વગેરેમાં વધેલા ભોજનને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાની સેવા આપે છે. તાજેતરમાં સ્વતંત્રતા પર્વના અનુસંધાને તા. ૨૧મી ઓગષ્ટે સંસ્થાના યુવાનો દ્વારા શહેરની સે-૧૩ની ઝુંપડપટ્ટીમાં રહેતા આશરે સોથી વધુ શ્રમજીવીઓને રાત્રિ ભોજન કરાવાયું હતું.

સે-૨૪માં રહેતા ચૈતન્ય ધુમાલ તથા તેમના મિત્ર રાજીવ નાયડુ દ્વારા 'ફુડ ફોર એવરીવન' ફાઉન્ડેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સંસ્થામાં ૬૦થી વધુ યુવાનો પોતાની સેવા આપે છે. આ યુવાનો દર રવિવારે ગાંધીનગરના કેટલાક રેસ્ટોરન્ટ, સ્કૂલની મેસ તથા સાઈ સંકુલની મેસ વગેરે સ્થળેથી વધેલા ભોજનના જથ્થાને શહેરની કોઈ પણ એક ઝુંપડપટ્ટીના ગરીબ શ્રમજીવી પરિવારોને નિઃશુલ્ક પહોંચાડે છે. આ ભોજન આરોગ્યપ્રદ તેમજ ખાવાલાયક હોય તેની ખાસ કાળજી લેવામાં આવે છે તથા જરૂરિયાતમંદોને પીરસતા પહેલા તેને ગરમ કરવામાં આવે છે. તા. ૮મી મેના રોજથી પ્રારંભ થયેલ આ સેવામાં અત્યાર સુધીમાં સે-૬ સત્યાગ્રહ છાવણી, સે-૧૧ એસટીડેપો નજીક, સે-૧૩ મહાત્મા મંદિર પાસે વગેરે વિસ્તારની ઝુંપડપટ્ટીમાં જરૂરિયાતમંદોને ભોજન કરાવવામાં આવી ચુકયું છે. ખાસ બાબત તો એ છે કે ગરીબોને ભોજન પીરસતા પહેલા તેને ચેક કરી ગરમ કર્યા બાદ સંસ્થાના યુવાનો દ્વારા જાતે ચાખી ખાવા યોગ્ય છે કે નહી તે ચકાસવામાં આવે છે.



ભૂખ્યાંને ભોજન કરાવવુ તે ભારતીય સંસ્કૃતિમાં અત્યંત પુણ્યનું કાર્ય ગણાય છે. અત્યારના યુગમાં અનેક સ્થળો એવા છે જયાં અન્નનો ભયંકર બગાડ થતો હોય છે અથવા વધેલુ ભોજન નષ્ટ થતું હોય છે. બીજી તરફ અનેક પરિવારો એવા છે કે જેમને બે ટંક પેટ ભરાય તે પુરતું ખાવા પણ નસીબ થતું નથી. આ સંજોગોમાં આ સંસ્થાના યુવાનો સાંકળરૂપ બની વ્યય થતા અન્નને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. વળી આ યુવાનો શહેરના વૃધ્ધાશ્રમના શ્રમિત વડીલોને પણ ભોજન કરાવે છે. ફૂડ ફોર એવરીવન દ્વારા તેમનો હેતુ અન્નના બગાડને અટકાવી ભૂખ્યા માનવીઓના ચહેરા પર તૃપ્તિનું સ્મિત રેલાવવાનો છે.

## સે-૬ સરસ્વતી વિદ્યાલય ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ

ધાર્મિક તેમજ સામાજિક સમન્વય ધરાવતો તહેવાર એટલે જન્માષ્ટમી એમ કહેવાય છે. જયારે જયારે ધરતી પર પાપ વધી જાય ત્યારે ભગવાન પોતે અવતરે છે. કંસ જેવા રાક્ષસનો વધ કરવા તેમજ સત્યનો વિજય કરવા શ્રીકૃષ્ણ ભગવાને પોતે અવતાર લીધો હતો.

સે-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકો દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પિરામીડ બનાવી મટકી ફોડવામાં આવી હતી. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ કૃષ્ણ લીલા પર ગીતો ગાઈને રાસ લીલાનો કાર્યક્રમ રજુ કરી શાળાના પટાંગણના વાતાવરણને કૃષ્ણ ભકિતના રંગે રંગી દીધું હતું. શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## ચિરવિદાય

- સ્વ. વેચાતજી માધાજી મકવાણા, ઉ.વ. ૫૦
- સ્વ. બાબરભાઈ હરજીભાઈ રબારી, ઉ.વ. ૫૬
- સ્વ. અમરતભાઈ લવજીભાઈ દેવીપૂજક, ઉ.વ. ૪૦
- સ્વ. જયાબેન હરીલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૬
- સ્વ. ઈન્દ્રવદન ગણપતરામ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૭૯
- સ્વ. પ્રિતેશ વિપુલકુમાર મોદી, ઉ.વ. ૧૮